અપીલ અરજી નં.૬૯ તા.૧૮–૬–૦૮

અરજદારઃ શ્રી અરવિંદભાઈ મગનલાલ દેસાઈ
સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન

## હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરવિંદભાઈ મગનલાલ દેસાઈની તા.૧૨–૫–૦૮ ની અરજીથી જુદી જુદી તારીખોએ કરેલ કુલ્લે ૨૬ અરજીઓના કોઈ નિર્ણય ન થતાં તા.૧૨–૫–૦૮ નમુના 'ક' માં કરેલ અરજી બાબતે માહિતી ઉપલબ્ધ કરાવેલ નથી અને મુદ્દાવાર જવાબ પણ મળેલ નથી વિગેરેના સંદર્ભ બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૮–૬–'૦૮ ની અપીલ અરજી નં.૬૯/–૦૮–૦૯

શ્રી અરવિંદભાઈ મગનલાલ દેસાઈની તા.૧૨–૫–૦૮ ની અરજીથી જુદી જુદી તારીખોએ કરેલ કુલ્લે ૨૬ અરજીઓનો કોઈ નિર્ણય ન થતાં તા.૧૨–૫–૦૮ નમુના 'ક' માં કરેલ અરજી બાબતે માહિતી ઉપલબ્ધ કરાવેલ નથી અને મુદ્દાવાર જવાબ પણ મળેલ નથી વિગેરે કારણસર એપેલેટ ઓફિસરને તા.૧૮–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો આપેલ માહિતીમાં કોઈ ઈન્કાર, વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૮ તા.૨૫–૬–૦૮ ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પૂરક માહિતીની વિગતો આજ દિન સુધી અત્રેના વિભાગને મળેલ નથી. કે માહિતીના ઈન્કાર માટે કોઈ અપવાદ જણાયેલ નથી.

અરજદારે તા.૨૪–૪–૦૬ થી આજ દિન સુધી કરેલ ૨૬ અરજીઓ અઠવાઝોનને લગતી વિવિધ ફરીયાદોને લગતી અરજીઓ અંગે કોઈ જવાબ ન મળતાં તા.૧૨–૫–૦૮ ના રોજ આરટીઆઈ એકટ હેઠળ અરજીઓ અંગે મુદ્દાવાર જવાબ, કાર્યવાહી બાકી હોય તો કયા કારણસર અને નિકાલના સંભવિત દિવસો અંગેની માહિતીની માંગણી કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૨–૫–૦૮ અરજીથી માંગ્યા મુજબ તેમની ૨૬ અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ ન હોઈ આરટીઆઈના કાયદા અને નિયમોની જોગવાઈને અનુસરી કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પુરી પાડવા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે..કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી,અઠવા ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરવિંદભાઈ મગનલાલ દેસાઈ,